Publication: Janmabhoomi
Date: 30/3/2019
Page: 5
Column: 4-5

જન્મભૂમિ મુંબઈ, શનિવાર, તા. ૩૦-૩-૨૦૧૯

# આજે રાતે 'અર્થ અવર' : એક કલાક વીજળી સ્વૈચ્છિક રીતે બંધ રાખવાનો અનુરોધ

5/4-5

અમારા પ્રતિનિધિ તરફથી

મુંબઈ, તા. ૨૯ : મુંબઈની સૌથી વિશાળ ખાનગી વિદ્યુત વિતરક અદાણી ઈલેક્ટ્રિસિટી મુંબઈ લિમિટેડ (એઈએમએલ) પર્યાવરણને અનુકૂળ બનાવવા માટે સતત પ્રયત્નશીલ છે. સંસ્થાએ શહેરમાં ૨૭ લાખ ગ્રાહકો સહિત બધા હિસ્સાધારકોને શનિવાર, ૩૦ માર્ચે અર્થ અવરનું પાલન કરવા અનુરોધ કર્યો છે. આ દિવસે રાત્રે ૮.૩૦થી ૯.૩૦ વચ્ચે સર્વ ગ્રાહકોએ તેમનાં ઘર અને કંપનીઓમાં સ્વૈચ્છિક રીતે વીજળી બંધ રાખવી.

એઈએમએલના પ્રવક્તાએ જણાવ્યું હતું કે કંપની પર્યાવરણની દૃષ્ટિથી સતર્ક છે અને અર્થ અવરની આ પહેલ થકી અમે અમારા બધા હિસ્સાધારકોને સક્ષમ જીવનને પ્રોત્સાહન આપવા માગીએ છીએ.

પૃથ્વીનું સરેરાશ તાપમાન ૧૯મી સદીથી ૧.૧૦ ડિગ્રી વધ્યું છે અને ૧૭૫૦થી ૧.૩૦ ડિગ્રી વધ્યું છે. વધતો કાર્બન ડાયોક્સાઈડ અને હવામાનમાં અન્ય માનવસર્જિત ઔદ્યોગિક ઉત્સર્જન તે માટે કારણભૂત છે. ૨૦૧૬માં વિક્રમી ગરમી હતી, જે આજ સુધીનું સૌથી વધુ ગરમ વર્ષ રહ્યું છે, જે ૨૦૧૭માં પણ હતું, જેણે દુનિયાને વિચારતી કરી મૂકી છે, એમ વર્લ્ડ મીટિયોરોલૉજિકલ ઑર્ગેનાઈઝેશને જણાવ્યું હતું. આ કમનસીબ સંજોગોનું કારણ ગ્લોબલ વોર્મિંગ, વીજળીનો વિચારવિહીન અને બેસુમાર ઉપયોગ છે.

એક દાયકાથી ૧૮૦થી વધુ રાષ્ટ્રો અને પ્રદેશો અર્થ અવર માટે ટેકો આપવા એકત્ર આવી રહ્યાં છે અને સ્વૈચ્છિક વીજ બંધ રાખવામાં ભાગ લઈ રહ્યાં છે.